હાર માનવાનો ઈનકાર કરતો માણસ: બ્રાઝીલના રાષ્ટ્રપતિ લૂલાની અસાધારણ કહાની

“મેં શીશ ઝૂકાવવા માટે જન્મ નથી લીધો.”

બ્રાઝિલના લુઈસ ઈનાસિયો લૂલા દા સિલ્વાએ 2019માં જ્યારે આ શબ્દો કહ્યા, ત્યારે તેઓ જેલમાં હતા. તે વખતે કદાચ બહુ ઓછા લોકો કલ્પના કરી શકતા હતા કે ક્યારેક ત્રણ વખત દેશના રાષ્ટ્રપતિ રહી ચૂકેલા 74 વર્ષના આ માણસની રાજકીય કહાનીમાં હજુ કોઈ વળાંક બાકી છે. તેમણે શું નહોતું જોયું! એક મજૂર નેતાથી રાષ્ટ્રપતિ ભવન સુધીની યાત્રા, સત્તાના શિખરથી જેલની ચાર દીવાલો સુધીની સફર અને વધતી ઉંમર સાથે રાજનીતિની સમાપ્તિનું અનુમાન. પરંતુ ગઈ 25મી ઑક્ટોબરે ચોથી વાર રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીતીને લૂલાએ સાબિત કર્યું કે તેમની અસાધારણ કહાનીમાં હજુ થોડાં પ્રકરણ બાકી છે. આ જીત એટલા માટે પણ મહત્ત્વની છે, કારણ કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છતા હતા કે લૂલા ફરીથી સત્તામાં ન આવે અને તેમના પીઠ્ઠુ ગણાતા જમણેરી નેતા ફ્લાવિયો બોલ્સોનારો રાષ્ટ્રપતિ બને. ત્યાં સુધી કે ફેસબુક પણ લૂલાવિરોધી નેરેટિવ ચલાવતું હતું. 2023માં પોતાના જ રેકોર્ડ તોડતા મતોથી સત્તામાં વાપસી કરનારા લૂલાની કહાનીને સમજવા માટે આપણે રાષ્ટ્રપતિ ભવનથી નહીં, પરંતુ એ ખેડૂત પરિવારથી શરૂઆત કરવી પડશે, જ્યાં આઠ બાળકોમાંના સાતમા લૂલા દા સિલ્વા પાસે જીવનમાં આગળ વધવા માટેનાં સાધનો બહુ ઓછાં હતાં.

લૂલાનો જન્મ 28 હજારની વસ્તી ધરાવતા બ્રાઝિલના પૂર્વોત્તર ગામ કાએટીસમાં થયો હતો. ગરીબી એટલી હતી કે ચોથા ધોરણમાં અભ્યાસ છોડી દેવો પડ્યો અને તેમનો પરિવાર 13 દિવસ સુધી એક ખુલ્લી ટ્રકમાં બેસીને કામની તલાશમાં સાઓ પાઉલો ચાલ્યો ગયો. લૂલાએ ત્યાં મગફળી વેચીને, જૂતાં પોલિશ કરીને અને કારખાનામાં મજૂરી કરીને માના હાથમાં થોડા પૈસા મૂક્યા હતા. જે ઉંમરે બાળકો પોતાની રુચિઓ અને સપનાંને ઓળખતાં હોય, એ ઉંમરે લૂલા જીવનની વ્યવહારિક મુશ્કેલીઓ સામે ઝઝૂમી રહ્યા હતા.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

2025માં એક વક્તવ્ય દરમિયાન પોતાના બાળપણને યાદ કરીને લૂલાએ કહ્યું હતું, ‘ગરીબીની મને એટલી શરમ આવતી હતી કે હું એવું પણ કહી શકતો નહોતો કે હું ભૂખ્યો છું. ભૂખથી કેવળ પીડા જ નથી થતી, એ તમને અંદરથી ખાઈ જાય છે.’ ગરીબી કેવળ ખિસ્સાં જ ખાલી નથી કરતી; તે માણસની કલ્પનાઓને પણ સીમિત કરી દે છે. ગરીબી તેને સમજાવી દે છે કે જીવનમાં અમુક રસ્તાઓ બીજાઓ માટે હોય છે, તેના માટે નહીં. પરંતુ લૂલાની જિંદગીમાં પહેલો મહત્ત્વપૂર્ણ વળાંક ત્યારે આવ્યો, જ્યારે તેમણે પોતાની વ્યક્તિગત મુશ્કેલીઓથી આગળ વધીને પોતાના જેવા લોકોની પરેશાનીઓને સમજવાનું શરૂ કર્યું.

1961માં સ્ક્રૂ બનાવતી એક ફેક્ટરીમાં એપ્રેન્ટિસ તરીકે કામ કરતી વખતે લૂલાનો પરિચય મજૂર ચળવળ અને હડતાળ સાથે થયો. મહેનતકશ લોકોને એકઠા કરવાની તેમની એ તાલીમ તેમને ધીમે-ધીમે એક પ્રભાવશાળી મજૂર નેતા બનવા તરફ લઈ ગઈ. પોતાનું નહીં, પરંતુ બીજા લોકોનું જીવન બહેતર બનાવવાનો તેમનો એ સંઘર્ષ તેમના રાજકીય-સામાજિક વિચારોનો પાયો બનવાનો હતો.

હાર પછી પણ રસ્તા બદલાઈ શકે છે, પરિસ્થિતિઓ બદલાઈ શકે છે અને વ્યક્તિ નવેસરથી જીવનને આકાર આપી શકે છે, તેનો અર્થ એ નથી કે દરેક સંઘર્ષનો અંત સફળતામાં જ આવશે અથવા દૃઢ ઇચ્છાશક્તિથી દરેક અવરોધ દૂર કરી શકાય છે

1980માં તેમણે વર્કર્સ પાર્ટીની સ્થાપના સાથે રાજકીય યાત્રા શરૂ કરી હતી અને રાષ્ટ્રપતિ બનવાનું સપનું સેવ્યું હતું. પરંતુ સપનાં આપણી ઈચ્છાશક્તિ પ્રમાણે સાચાં નથી પડતાં.

1989માં લૂલાએ પહેલી વાર રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઝંપલાવ્યું અને હારી ગયા. 1994માં ફરીથી નિશાન સાધ્યું. પરિણામ એ જ આવ્યું. 1998માં ત્રીજી વાર મેદાનમાં ઉતર્યા, પરંતુ એ વખતે પણ જીત દૂર રહી. ત્રણ વખત ચૂંટણી હાર્યા પછી માણસ કદાચ થાકી જાય. ખાસ કરીને ત્યારે, જ્યારે દરેક નિષ્ફળતા પછી તેણે પોતાની યોગ્યતા ફરીથી સાબિત કરવાની હોય.

નિષ્ફળતામાંથી શીખવું જોઈએ એ વાત સાચી છે, પણ નિષ્ફળતા વારંવાર આવે ત્યારે શીખવાની ધગશ પણ ઢીલી પડી જાય છે. પહેલી હાર આપણને નિરાશ કરે છે, બીજી હાર આપણા નિર્ણયો સામે સવાલ ઉઠાવે છે અને ત્રીજી હાર આપણને એવું માનવા માટે મજબૂર કરી દે છે કે કદાચ આપણે આ કામ માટે બન્યા જ નથી.

ચૂંટણીમાં પરાજય પછી લૂલાએ રણનીતિ બદલી, વ્યાપક જનસમર્થન મેળવ્યું અને પોતાના રાજકીય વિચારોને વધુ લોકો સુધી પહોંચાડ્યા. 2002માં, ચોથા પ્રયાસે તેઓ બ્રાઝિલના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. જે વ્યક્તિએ પોતાના જીવનની શરૂઆત મજૂરીથી કરી હતી, તે હવે દેશની સર્વોચ્ચ રાજકીય જવાબદારી સંભાળવા જઈ રહ્યો હતો.

એ પછી તેમની રાજકીય સફર અનેક ઉતાર-ચઢાવ વચ્ચે જારી રહી. 2017માં ભ્રષ્ટાચારના એક મામલામાં દોષિત ઠર્યા પછી લાગતું હતું કે તેમની આ યાત્રા સમાપ્ત થઈ જશે, પરંતુ 2021માં સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી તેમની સજા રદ થતાં અને દોષસિદ્ધિ અમાન્ય ઠરતાં તેમણે તેમની યાત્રાનો નવો પડાવ શરૂ કર્યો.

2022માં એક ઈન્ટરવ્યૂમાં લૂલાએ કહ્યું હતું, ‘હકીકત તો એ છે કે મેં ક્યારેય હાર નથી માની. રાજનીતિ મારા શરીરના પ્રત્યેક કોષમાં જીવે છે, કારણ કે હું ધ્યેય માટે કામ કરું છું. પદ છોડ્યાના બાર વર્ષમાં મેં જોયું કે ગરીબોના લાભ માટે મેં જે નીતિઓ ઘડી હતી, તે તમામ નષ્ટ કરવામાં આવી હતી.’

લૂલાની કહાનીને પ્રેરક બનાવવા માટે તેમને કોઈ આદર્શ કે દોષહીન હીરોના રૂપમાં રજૂ કરવાની જરૂર નથી. તેમના રાજકીય જીવન પર સવાલો ઊભા થયા છે અને તેમના નિર્ણયોની સમીક્ષા થવી જોઈએ. પરંતુ એ બધા વચ્ચે તેમની જીવનયાત્રા આપણને માનવીય સંઘર્ષ વિશે કેટલીક મહત્ત્વની વાતો સમજાવે છે.

આપણે આપણા જીવનમાં હંમેશાં કોઈ એક નિષ્ફળતાને અંતિમ માની લઈએ છીએ. નોકરીમાં સફળતા ન મળે તો લાગે કે જાણે આપણી યોગ્યતા સમાપ્ત થઈ ગઈ છે. કોઈ ધંધો ન ચાલે તો આપણે આપણી આવડત પર શંકા કરવા લાગીએ છીએ. કોઈ સપનું તૂટી જાય તો એવું લાગે જાણે આગળ કોઈ રસ્તો બચ્યો નથી. આપણે વર્તમાનની નિરાશાને ભવિષ્યની નિશ્ચિતતા માની લઈએ છીએ. લુઈસ ઈનાસિયો લૂલા દા સિલ્વાની કહાની આ ધારણા પર પ્રશ્નાર્થચિહ્ન મૂકે છે. તે બતાવે છે કે હાર પછી પણ રસ્તા બદલાઈ શકે છે, પરિસ્થિતિઓ બદલાઈ શકે છે અને વ્યક્તિ નવેસરથી જીવનને આકાર આપી શકે છે, તેનો અર્થ એ નથી કે દરેક સંઘર્ષનો અંત સફળતામાં જ આવશે અથવા દૃઢ ઈચ્છાશક્તિથી દરેક અવરોધ દૂર કરી શકાય છે. એનો અર્થ એટલો જ છે કે એક પરાજયને આપણા જીવનનો અંતિમ પરિચય બનાવી દેવાની જરૂર નથી.

દરેક વ્યક્તિ રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન નથી બની શકતી. પરંતુ દરેક વ્યક્તિ કોઈ ને કોઈ રૂપમાં પોતાના જીવનને ફરીથી શરૂ કરી શકે છે.

લૂલાની કહાનીનો સાર એ છે કે માણસની ઓળખ કેવળ તેની શરૂઆતથી જ નથી થતી, ન તો તેની કોઈ એક હારથી. તેની ઓળખ એ વાતથી બને છે કે બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે પણ તે પોતાના માટે કઈ સંભાવનાઓને બચાવી રાખે છે. જીવનમાં અસલી તાકાત હંમેશાં જીતવામાં નથી હોતી. ક્યારેક સૌથી મોટી તાકાત એ હોય છે કે હાર પછી પણ આપણે એક નવી શરૂઆતની શક્યતાને મરવા ન દઈએ.

ચમચી વિદેશી હતી, લાડુએ એને દેશી બનાવી દીધી!



બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

કેટલાંક પાત્રો નાહકનાં બદનામ થઈ જાય છે. જેમ કે, ચમચી-ચમચો. આ શબ્દો બોલતાંવેંત આજકાલ સંસ્કારિતાનો નવો નવો અને સગવડીયો શોખ ધરાવતા લોકોના નાકનું ટીચકું ચઢી જશે અને ફરિયાદના સૂરમાં તેઓ કહેશે, “ગમે તેમ તો પણ તે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર છે. તેમના વિશે તમારાથી આવું ન લખાય. (એટલે કે, એવું બધું તો અમારાવાળાથી જ થાય.) જાહેરમાં લખતી વખતે (અમારા ટીકાકારોએ) ભાષાવિવેકનું ધ્યાન રાખવું જોઈએ.”

આવું લઘુસંસ્કારવ્યાખ્યાન સમાપ્ત થયા પછી બોલવાની તક મળે અને ચોખવટ કરીએ કે “અહીં જમવામાં વપરાતાં ચમચા-ચમચીની વાત છે”, ત્યારે તેઓ કહેશે, “ઠીક છે, પણ ભવિષ્યમાં ધ્યાન રાખજો.” આ હાલત છે ચમચી-ચમચાની. વાત કરતા હોઈએ સીધાંસાદાં વાસણ-કટલરીની અને તે લાગુ પડી જાય ચોક્કસ પ્રકારના માણસોને. હકીકતમાં ચમચી-ચમચામાં જીવ હોત તો તેમણે જરૂર બદનક્ષીનો દાવો કર્યો હોત અને કોઈ માણસ સાથે અમારી સરખામણી કરવી નહીં–એવો મનાઈહુકમ મેળવી લાવ્યાં હોત. વ્યવહારની દુનિયામાં પુરુષ માટે ‘ચમચો’ ને સ્ત્રી માટે ‘ચમચી’ વિશેષણ વપરાય છે, પણ ભાષાના નિયમની રીતે નાની હોય તે ચમચી ને મોટો હોય તે ચમચો. અલબત્ત, બંનેના કદની કોઈ સર્વમાન્ય વ્યાખ્યા બાંધવામાં આવી હોય એવું જાણમાં નથી. ચરોતરી બોલીમાં તો વસ્તુના કદ ઉપરાંત બોલનારના ગુસ્સાથી પણ લિંગ બદલાઈ શકે છે. ચરોતરીમાં ચિડાયેલો જણ “છોનીમોની બેસ ને હારી ચમચી”–એવું કહે તો સમજવું કે તે કોઈ સ્ત્રીને નહીં, પણ પુરુષને સંબોધી રહ્યો છે, પણ રોષના માર્યા તેણે સામેવાળાનું લિંગપરિવર્તન કરી દીધું છે.

આ લેખમાં હવે પછી સરળતા ખાતર બંનેનો ઉલ્લેખ ચમચી તરીકે કરીશું. ચમચી વિદેશી સંસ્કૃતિનું, અને વધુ ચોક્સાઈથી કહીએ તો, વિદેશી સંસ્કૃતિના આક્રમણનું બહુ જૂનું પ્રતીક છે. વૈશ્વિકીકરણના દાયકાઓ પહેલાં, કપડાં સિવાય વિદેશી ઢબછબનું પ્રતિનિધિત્વ કોઈ કરતું હોય તો એ હતી ચમચી. દેશી શૈલીના આગ્રહીઓને ચમચી એવી લાગતી, જાણે તેના ઉપરના ભાગમાં રહેલો લંબગોળાકાર હિસ્સો વિદેશી રીતરિવાજનો વાવટો હોય, ચમચીનો દાંડો તેને ધારણ કરનાર ધ્વજ હોય અને આખેઆખી ચમચી દેશમાં વિદેશી વિજયનો ધ્વજ ફરકાવતી હોય. સદીઓ સુધી ભારતમાં ચમચીનું ચલણ ન હતું. જ્ઞાતિભોજનમાં કેશાકર્ષણના સિદ્ધાંતનો પ્રયોગ કરીને આંગળીથી દાળ ‘ખાવાનો’ રિવાજ હતો અને દૂધપાક માટે ચમચી હોત તો પણ તેનો ઉપયોગ કરવાનું અબ્રહ્મણ્યમ્ લેખાયું હોત. કેમ કે, તેની વાટકી (કે માટીનું બટેરું) મોઢે જ માંડવાની હોય. માણસ ચમચીથી દૂધપાક ઉલેચી-ઉલેચીને ખાવા બેસે તો ક્યારે પાર આવે? અને જ્ઞાતિભોજનમાં તે સિવાયની કોઈ વાનગી એવી ન હતી કે જેમાં ચમચીની ખોટ વરતાય અથવા તેના જેવી કોઈ વસ્તુ હોવી જોઈએ એવો વિચાર આવે. પરંતુ અંગ્રેજી કેળવણીની સાથે દેશમાં ચમચી આવી. ના, અંગ્રેજી પુસ્તકોમાંથી જ્ઞાન પીવા માટે ચમચીની જરૂર ન હતી, પણ તેના સંસ્કારને પરિણામે હાથ બગાડ્યા વિના જમવાનો અને સુધરેલા દેખાવાનો મહિમા થયો. તેમ છતાં, સનાતન ધર્મના કેટલાક આગ્રહીઓએ અસ્પૃશ્યતાની જેમ જ ભોજનમાં હાથના ઉપયોગને પકડી રાખ્યો. ચમચી માટેની તેમની ભડક કોઈ વિદેશી આક્રમણખોર કે વટાળપ્રવૃત્તિ કરતા વિધર્મી માટેના અણગમા કરતાં જરાય ઓછી ન હતી. તેમને ચમચીમાં સનાતન ધર્મ સામેના પડકારનાં દર્શન થતાં હતાં. કારણ કે, તેમાંથી કેટલાક માટે સનાતન ધર્મ લાડુમાં સમાયેલો હતો અને ચમચીથી લાડુ આરોગવો–એ તેમને મન ધર્મ અને સંસ્કૃતિનું સૌથી મોટું અપમાન હતું. એટલે ભોજનની સામગ્રીની આસપાસ ચમચી પડેલી જોઈને તેમને ધર્મ ખતરામાં લાગતો હતો. ચમચીથી દાળ કે દૂધપાક પીવામાં તેમને સહસ્રાબ્દીઓથી સંચિત કરેલું આંગળીઓથી પ્રવાહી આરોગવાનું કૌશલ્ય મિટાવી દેવાની વિદેશી સાજિશ લાગતી હતી. બીજી બાબતોમાં ભલે ધર્મનો અને સંસ્કૃતિનો સતત હ્રાસ થતો રહ્યો હોય–ખાસ કરીને તેના સંરક્ષણના નામે તેના પર આક્રમણો થયાં હોય–પણ ચમચીને છેટી રાખવામાં સંસ્કૃતિરક્ષકોને દાયકાઓ સુધી સફળતા મળી. તે માટે અપનાવાયેલી અનેક ટેક્નિકમાંની એક હતી સંતોષ, જેને ભૌતિક રીતે માપી શકાય નહીં. ચમચીવિરોધી દળે એવો પ્રચાર ચલાવ્યો કે હાથથી ખાઈએ તો જ ભોજનનો સંતોષ થાય. ઘણા લોકો ગંભીરતાથી એવું માનતા હતા. તેમનું ચાલ્યું હોત તો આઈસક્રીમ પણ દાળભાતની જેમ હાથથી જ ખવાતો... કલ્પના કરો: પડિયામાં આઈસક્રીમ પીરસાઈ રહ્યો છે, લોકો પલાંઠી વાળીને આઈસક્રીમ ખાવા બેઠા છે. તેમની આંગળીઓનું વર્ણન કરીને રસભંગ પ્રેરવો નથી, પણ આવા કેટલાક ખાદ્યપદાર્થોએ ચમચી પ્રત્યેનો અણગમો ઘટાડ્યો.

વૈશ્વિકીકરણના દાયકાઓ પહેલાં, કપડાં સિવાય વિદેશી ઢબછબનું પ્રતિનિધિત્વ કોઈ કરતું હોય તો એ હતી ચમચી!

ગાંધીજીએ તેમના વિખ્યાત પુસ્તક ‘હિંદ સ્વરાજ’માં પશ્ચિમી સુધારાની વાત કરી છે ને યંત્રોનો વિરોધ કર્યો છે, પણ ચમચી યંત્ર નથી. હા, બોલાચાલી દરમિયાન ઉશ્કેરાટની અવસ્થામાં તેનો ચોક્કસ રીતે ઉપયોગ કરવામાં આવે તો તે શસ્ત્ર બનવાની સંભાવના ધરાવે છે. છેલ્લા દાયકાઓમાં પશ્ચિમી સંસ્કૃતિ છવાઈ ગઈ ત્યારે ચમચી પહેલેથી મોજૂદ હતી અને તે એટલી હદે ભારતીય બની ચૂકી હતી, જાણે ગાંધીજીના કેટલાક અંગ્રેજ સાથીદારો. ભારતની સંસ્કૃતિની એ ખાસિયત છે. જે આવે તે એના રંગે રંગાઈ જાય છે. પછી ચમચી શી રીતે બાકાત રહી શકે? હવે ચમચીથી લાડુ, ચૂરમું ને મોહનથાળ ખાનારા વાનગીપ્રેમીઓ છે અને ભાખરી-રોટલી-રોટલો ખાવા માટે હજુ હાથ જ વાપરવો પડે છે. ત્યાં સુધી સંસ્કૃતિને કંઈ થવાનું નથી અને ચમચી અંગ્રેજોને નવાઈ લાગે એટલી હદે ભારતીય બની ચૂકી છે.

ઈશિતાનું અલકમલક

ક્યા સે ક્યા હો ગયા?!

ક્યારેક એવી ઘટના બને કે જેના વિશે વાંચીને આપણે બોલી ઊઠીએ : અરે, આવું તો ફિલ્મોમાં બને. વાસ્તવિક જીવનમાં થોડું બને? ના, પણ આવું ખરેખર કયારેક બને ત્યારે આપણે ફિલ્મી ઘટનાને ભૂલી જઈએ. નાનપણમાં નિશાળ પછી કોલેજમાં સાથે ભણતાં ભણતાં બનેલાં મિત્રો સમયનાં વહેણમાં છુટ્ટા પડી જાય - એમની દિશા ફંટાઈ જાય અને પછી વર્ષો બાદ જોગાનુજોગ ફરી મળે ત્યારે ખ્યાલ આવે - જાણ થાય બન્નેની જિંદગીના પ્રવાહ કેવા પલટાઈ ગયા છે. ગરીબ પરિવારનો દીકરો

લેડી જજ માઈન્ડી - અપરાધી આર્થર

જાતમહેનતે ધનવાન બની ગયો હોય તો કોઈ એક જમાનાનો શ્રીમંત પરિવારનો મિત્ર શ્રમિક બની પેટિયું રળવા સંઘર્ષ કરતો હોય.આવા જ વિરોધાભાસનો એક કિસ્સો થોડા સમયથી અમેરિકાના સોશિયલ મીડિયામાં ચર્ચાઈ રહ્યો છે. અમેરિકાના મિયામી શહેરમાં આર્થર બૂથ નામનો એક અપરાધી નાસતો ફરતો હતો. ઘરફોડી- સ્ટોરમાં ડકેતી- મોટી લૂંટ- ડ્રગ્સની હેરાફેરી, દારૂના નશામાં મારામારી- બેફામ ડ્રાઈવિંગ, ઈત્યાદિ અનેક અપરાધ પોલીસ ચોપડે બોલતા હતા. એ ક્યારેક પકડાતો- સજા ભોગવી છૂટીને ફરી એ અપરાધ આચરતો. આવો રીઢો ગુનેગાર તાજેતરમાં ઝડપાઈ ગયો પછી એને મિયામીની કોર્ટમાં એક લેડી જજ સામે ખડો કરવામાં આવ્યો. પોલીસે આરોપનામું પેશ કર્યું . એના અમુક ગુનાના પુરાવા રજૂ થયા. આરોપી આર્થરે નતમસ્તક બધા ગુના કબૂલી લીધા પછી લેડી જજે એને સજા ફરમાવતાં પહેલાં પૂછ્યું: ‘‘તું આ ફલાણી સ્કૂલમાં ભણ્યો છો ને?’’ આર્થરે હા પાડી પછી મહિલા જજે એને બીજો સવાલ કર્યો: ‘‘ત્યાં સ્કૂલમાં એક છોકરી સાથે અચ્છી દોસ્તી હતી. તમે બન્ને સાથે રમ્યાં-ભમ્યાં-ભણ્યાં-પેલી છોકરીને તું ભણવામાં મદદ કરતો- એ વખતે સ્કૂલે તને ‘બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર’ નો એક અવોર્ડ પણ એનાયત કર્યો હતો. યાદ છે?’’ આર્થરને નવાઈ લાગી : આવી વર્ષો જૂની સ્કૂલની વાત મેડમ જજને કેવી રીતે ખબર પડી? પોલીસ કે આર્થર એવો પ્રશ્ન પૂછે એ પહેલાં જ લેડી જજે આર્થરને પૂછ્યું : ‘આર્થર, મારી સામે ધ્યાનથી જો. સ્કૂલની તારી ફ્રેન્ડ માઈન્ડી યાદ આવે છે? એ માઈન્ડી હું છું. અહીં એક જજ તરીકે અને એનો બાળપણનો મિત્ર આર્થર એટલે કે તું અત્યારે મારી સમક્ષ આરોપીના પીંજરામાં ઊભો છે!’’ આટલું કહેતાં લેડી જજ માઈન્ડી ગ્લેઝર ગળગળી થઈને ભાંગી પડી: ‘‘દોસ્ત આર્થર વર્ષો પછી આપણે મળ્યાં ને આજે તારી આ દશા?!’’ સમસ્ત કોર્ટ આ સાંભળીને અવાક થઈ ગઈ. આર્થર પણ રડી પડયો ત્યારે લેડી જજે માત્ર એને એટલું જ કહ્યું : ‘‘રજૂ થયેલા પુરાવાના આધારે આજે હું જજ માઈન્ડી તરીકે તને ૧૦ મહિનાની સજા ફરમાવું છું. ૧૦ મહિના પછી આપણે ફરી મળીશું ત્યારે નવેસરથી જિંદગી જીવવા માટે તને આ તારી મિત્ર માઈન્ડી જરૂર મદદરૂપ થશે!’’ જો આ જ સત્યઘટના આપણે ફિલ્મમાં જોઈ હોત તો અચૂક કહ્યું હોત:‘‘યાર, આવું તો ફિલ્મોમાં જ બને. વાસ્તવમાં આવું થોડું બને?!’’ બસ, આ જ તો નિયતિનું નક્કર સત્ય છે!

ખરા અર્થમાં ‘ઉડાઉ’ પત્ની!

આદમી અજબનો અતરંગી હોય છે. કઈ ઘડીએ એનો મિજાજ પલટાય એ કહેવાય નહીં. ઘડીકમાં ખુશમખુશ તો કયારેક નારાજગીની પરાકાષ્ઠા. એમાંય પતિ - પત્ની વચ્ચે ઘર્ષણ થાય ત્યારે બન્ને પાત્રમાંથી કોનો મિજાજ કઈ દિશામાં પલટાશે એનો વરતારો તો ખુદ બ્રહ્મા - વિષ્ણુ કે મહેશ સુદ્ધાં ન કરી શકે. ખાસ કરીને પત્ની છંછેડાય પછી ખુદા બચાવે ભાર્યાના એવા ક્રોધથી. મુંબઈનો આ તાજો કિસ્સો તમે વાંચ્યો જ હશે કે પતિ - પત્ની વચ્ચે કંઈ ચડભડ થઈ અને પતિએ ગુસ્સામાં આવીને પોતાના નવ મહિનાના બાળકને પત્ની પાસેથી ઝૂંટવીને ઘાટકોપર રેલવે સ્ટેશનના સ્કાયવોક પરથી હવામાં ફંગોળી દીધો હતો અને એ બાળક માર્યો ગયો. ક્રોધ પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે આવી જીવલેણ ઘટના બને. ચીનમાં પણ હમણાં ગુસ્સાની એક ઘટના બની પણ એ જરા બીજી રીતે ચીની પતિને આકરી પડી. તાજેતરમાં ચીનના શાન્ટોઉ સિટીના એક વૈભવી વિસ્તારમાં આ જે ઘટના બની એની વીડિયો ક્લિપ ચીનભરમાં વાયરલ થઈ ગઈ છે. બન્યું એવું કે અહીંના એક બહુમાળી ઈમારતમાં એક શ્રીમંત યુગલ રહે, ન જાણે કેમ એ ચીની પતિ -પત્ની વચ્ચે પત્નીના ખર્ચાળ શોપિંગ શોખને લઈને જબરી બોલાચાલી થઈ.

પત્નીની ધનવર્ષા... રોડ પર ડોલરની ‘લૂંટ’

‘‘તું ઉડાઉ છે’ એવી પતિની આકરી ટકોર અને ટોણાથી પત્નીએ મિજાજ ગુમાવ્યો. ‘‘એક મિનિટ’’ કહીને પત્નીએ એની દલીલ અટકાવી. એ બેડરૂમમાં ગઈ અને પતિ જયાં રોકડ રાખતો હતો એ તિજોરીમાંથી કરન્સી નોટોનાં બંડલો કાઢીને પત્ની બાલ્કનીમાં આવી. પતિ હજુ કશું વિચારે - કરે એ પહેલાં તો રોષે ભરાયેલી પત્નીએ ‘‘જા, હવે શોપિંગ નહીં કરું. આ લે તારા પૈસા!’’ કહીને એણે બાલ્કનીમાંથી ચલણી નોટો હવામાં ઉડાડી!આકાશમાંથી આ રીતે થતી ધનવર્ષા જોઈને લોકોએ તો એને ઝડપી લેવા રસ્તા પર જબરી અફરાતફરી બોલાવી! આ અંધાધૂંધી રોકવા પોલીસ દોડતી આવી. એક અહેવાલ મુજબ પેલી ચીની પત્નીએ ૫૦૦ અને ૧૦૦૦ હોંગકોંગ ડોલરની કરન્સી નોટોનાં બંડલો હવામાં ફંગોળીને પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો, જે એના પતિને દોઢ કરોડ રૂપિયામાં પડ્યો! પતિને હવે થતું હશે : કાશ, પત્નીને એની રીતે શોપિંગ કરવા દીધું હોત તો આ દોઢ કરોડની નુકસાની તો ન થાત!

ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

- એક સંશોધન અનુસાર ગમે તેવો અરસિક-સોગિયા સ્વભાવનો માણસ પણએની જિંદગીમાં ઓછામાં ઓછું પાંચ હજાર અને ૪૭૯ વાર તો ખડખડાટ હસે જ છે!
- શરીરશાસ્ત્રના નિષ્ણાતોના કહેવા અનુસાર આખી જિંદગી દરમિયાન આપણે આશરે ૨ લાખ ૫૦ હજાર બગાસાં ખાઈએ છીએ. જો કોઈ ૭૦ વર્ષ જીવવાનું હોય તો એ સરેરાશ રોજના ૧૦ લાંબાં લાંબાં બગાસાં ખાશે!

ઈશિતાની એલચી

જ્યારે પણ કોઈ કર્મ સાથે પ્રસન્નતા સંકળાય ત્યારે એ કર્મ પૂજા બની જાય છે!!